## તા.૨૨/૧૨/૨૦૨૩ – શ્રીમદ્ ભગવદ્ ગીતા જન્મજયંતિની ઉજવણી













શ્રીમદ્ ભગવદ્ ગીતાની જન્મજયંતિની ઉજવણી કરી રહેલા સંસ્કૃત વિભાગના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો.












ક્લાસ ડેકોરેશન કરી સંસ્કૃત વિષયના અધ્યાપકો સાથે વિદ્યાર્થીઓનો ગ્રુપ ફોટોગ્રાફ્સ

## ૧૦.૨.૫. ઈતિહાસ વિભાગનો અહેવાલ શૈ.વર્ષ -૨૦૨૩-૨૦૨૪

પ્રા.ડૉ.નીમુબેન સોમાભાઇ ચૌધરી
(ઇતિહાસ વિભાગાધ્યક્ષા)

૨૧મી સદી એ જ્ઞાનની સદી છે. વર્તમાન માનવ ઇતિહાસમાં જ્ઞાન વિજ્ઞાન, સંશોધનો અને શિક્ષણનું ટેકનોલોજીને કારણે નવિનીકરણ થતા જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરી રહી છે. રાષ્ટ્રના ઇતિહાસનું ઘડતર અને ચણતર મહાન પુરૂષો દ્વારા જ થાય છે. આવા મહાન પુરૂષોનું જીવન અને તેમના વિચારોનું ચિંતન ભાવિ પેઢીને પ્રેરણા અર્પી શકે છે. બહુરત્ના વસુંધરાની કુંખે અનેક રત્નોએ જન્મ લીધો છે, મહાન મહાત્માઓ, મક્કમ મુત્સદ્દીઓ, વિજેતા અને વીરપુરૂષો પેદા થયા છે. પરંતુ આ જગતમાં એ લોકોની જ કદર થઇ છે, જેમણે 'બહુજન હિતાય, બહુજન સુખાય' પોતાનું સર્વસ્વ જીવન રાષ્ટ્રના અને વિશ્વના કલ્યાણ અર્થે સમર્પિત કર્યું છે. જેમકે મહાત્માં ગાંધી, લોંખડી પુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલ, નૂતન ગતિશીલ વિચારોના જનક ડૉ.ભીમરાવ આંબેડકર, પરાક્રમી નેતાજી સુભાષચંદ્ર બોઝ, સાદગીને વરેલા લાલબહાદુર શાસ્ત્રી, શિક્ષણ આલમના સરતાજ ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણન, વિશ્વની ધરા પર ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરનાર યુવાનોના પ્રેરણા સ્ત્રોત સ્વામી વિવેકાનંદ, રાષ્ટ્રને માટે પોતાના પ્રાણ ન્યોચ્છાવર કરનાર કેટલાય વીર શહીદો, જેનુ હૈયુ રાષ્ટ્રભક્તિના રંગે રંગાયેલુ છે, એવા સ્વદેહે ન હોવા છતા અક્ષરદેહે લોકોના હ્રદયમાં બિરાજમાન છે, એવા ભારતીય લોકનેતાઓના જીવનમાંથી આજનાં વિદ્યાર્થીઓ પ્રેરણા મેળવે, એમના જીવનને જાણે, સમજે અને પોતાના જીવનમાં પ્રગતિ કરી રાષ્ટ્રના વિકાસમાં સહભાગી બને. તેમજ UPSC/GPSC દ્વારા લેવામાં આવતી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા ઇતિહાસ વિષયનાં વિદ્યાર્થીઓ તેમજ અન્ય ફેકલ્ટીના વિદ્યાર્થીઓમાં ઇતિહાસ વિષય પ્રત્યે રસ, રૂચિ કેળવાય અને જ્ઞાનમાં વધારો થાય.કોવિડ-૧૯નું ગ્રહણ સમગ્ર વિશ્વને લાગ્યુ છે ત્યારે વિદ્યાર્થી જગતને આધુનિક ટેકનોલોજીના યુગમાં આ ટેકનોલોજીના સદ્ઉપયોગ થકી વિદ્યાર્થીઓમાં નવી ચેતના ભરવાની, આજની યુવા શક્તિને જગાડવાની અને તેને વિકાસની કેડી પર લઇ જવાની તાતી જરૂરિયાત છે. આજનું બાળક આવતીકાલના ભારતનું ભાવિ છે. આજના કોરોનાના કપરા કાળમાં તેમનામાં નવીન વિચાર સ્ફૂરે, જુસ્સો, જોમ જળવાય, મન તંદુરસ્ત તો તન તંદુરસ્ત બનીને રહે, નૂતન વિચારોને ગ્રહણ કરે અને સમય, સંજોગોના સથવારે વિવિધ પ્રવૃતિઓમાં તેનું મન પરોવાય એવા પ્રયાસો ઇતિહાસ વિભાગ તરફથી તથા આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલના અધ્યક્ષપણા હેઠળ કરવામાં આવ્યા છે. અને એ હેતુને ચરિતાર્થ કરવા સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ ઓનલાઇન પ્રવુતિઓ, જેમકે ક્વિઝ, વેબિનાર, સેમિનાર, વિચારલેખન, મોબાઇલ વિડિયો ક્લિપ, ગૃપચર્ચા જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતુ, જેની એક ઝાંખી અહીં પ્રસ્તુત કરવાનો મારો નમ્ર પ્રયાસ છે.

તા.૧૩/૦૭/૨૦૨૩, ગુરૂવારનાં રોજ F.Y.B.A.ઈતિહાસ મુખ્ય અને ગૌણ વિષય સાથે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની લાઈબ્રેરીની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી.

તા.૦૮/૦૮/૨૦૨૩, મંગળવાર, ઈતિહાસ વિભાગ અને જ્ઞાનધારાનાં સયુંકત ઉપક્રમે ૭૭માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે સૂત્રલેખન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ૫૧(૧૪ ભાઈઓ અને ૩૭ બહેનો) વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો.

તા.૧૧/૦૮/૨૦૨૩, શુક્રવારનાં રોજ ઈતિહાસ વિભાગ અંતર્ગત સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૨૦(૧૩ભાઈઓ અને ૦૭ બહેનો) વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

તા.૧૭/૦૮/૨૦૨૩, બુધવાર ઈતિહાસ વિભાગ અંતર્ગત વકતૃત્વ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૧ (૨૨ ભાઈઓ અને ૦૯ બહેનો) વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

તા.૩૦/૦૯/૨૦૨૩, શનિવારનાં રોજ મહાત્મા ગાંધી અને લાલ બહાદુર શાસ્ત્રી જન્મ જયંત્તિ નિમિત્તે ઈતિહાસ વિભાગ અંતર્ગત વકતૃત્વ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૬(૧૩ભાઈઓ અને ૨૬બહેનો) વિદ્યાર્થીઓએ અને ૦૨અધ્યાપકો (૦૨ બહેનો) ઉપસ્થિત રહ્યા હતા.

તા.૧૩/૦૭/૨૦૨૩, ગુરૂવારનાં રોજ F.Y.B.A.ઈતિહાસનાં વિદ્યાર્થીઓની લાઈબ્રેરીની રૂબરૂ મુલાકાત





તા.૧૩/૦૭/૨૦૨૩, ગુરૂવારનાં રોજ F.Y.B.A.ઈતિહાસ મુખ્ય અને ગૌણ વિષય સાથે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની લાઈબ્રેરીની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી.

તા.૦૮/૦૮/૨૦૨૩, મંગળવાર, ૭૭માં સ્વાતંત્ર્ય પર્વ સૂત્રલેખન












**તા.૦૮/૦૮/૨૦૨૩, મંગળવાર, ઈતિહાસ વિભાગ અને જ્ઞાનધારાનાં સયુંકત ઉપક્રમે ૭૭માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે સૂત્રલેખન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ૫૧(૧૪ ભાઈઓ અને ૩૭ બહેનો) વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો.**

તા.૧૧/૦૮/૨૦૨૩, શુક્રવાર, સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ઈતિહાસ વિભાગ અંતર્ગત ચિત્ર સ્પર્ધા









તા.૧૧/૦૮/૨૦૨૩, શુક્રવારનાં રોજ ઈતિહાસ વિભાગ અંતર્ગત સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૨૦(૧૩ભાઈઓ અને ૦૭ બહેનો) વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

તા.૧૭/૦૮/૨૦૨૩, બુધવાર ઈતિહાસ વિભાગ અંતર્ગત વકતૃત્વ કાર્યક્રમ








તા.૧૭/૦૮/૨૦૨૩, બુધવાર ઈતિહાસ વિભાગ અંતર્ગત વકતૃત્વ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૧ (૨૨ ભાઈઓ અને ૦૯ બહેનો) વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# રાજપ્રદેશના પાટીદાર સમાજના સ્વાતંત્ર્ય સેનાનીઓ

પ્રા.ડૉ.નીમુબેન સોમાભાઈ ચૌધરી
આ.સિ.પ્રો.ઈતિહાસ વિભાગ-અધ્યક્ષ
સ.વિ.વા.અને વિજ્ઞાન કોલેજ,ખેરગામ

ભારતના રાજકીય ઇતિહાસમાં હિંદના સ્વાતંત્ર્ય સંગ્રામમાં યોગદાન આપનાર ગુજરાત રાજ્યની ખમીરવંત્તી પ્રજા તેમાં રાજપ્રદેશની પાટીદાર પ્રજાનો પણ સમાવેશ થાય છે. ભારતનાં સત્યાગ્રહોમાં ઘણી બધી વ્યક્તિઓએ પોતાના પ્રાણની આહુતિ આપી છે. ગુલામ ભારત વર્ષમાં સ્વાતંત્ર્ય સૈનિકો કોણ ન હતાં.આખો દેશ આઝાદી માટે લડતો હતો. એટલે સૌ કોઈ દેશવાસીઓ સાચના સિપાઈઓ જ હતાં. એકલા ગુજરાતમાં નોંધાયેલા સ્વાતંત્ર્યવીરોની સંખ્યા ત્રણ હજાર ઉપર થાય છે.એમાં રાજપ્રદેશની પાટીદાર પ્રજા પણ બાકાત રહી શકે તેમ નથી.રાષ્ટ્રનાં સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગુજરાતે પોતાનો યથાશક્તિ ફાળો આપ્યો છે. સ્વરાજ્ય માટેની લાંબી લડતોની કાર્ય પરંપરા એટલી બધી સંકુલિત હોય છે કે તેમાં એક પ્રદેશ, એક પ્રજા કે સમાજને તદ્દન અલગ પાડી વર્ણવવુ ઘણું મુશકેલ પડે છે. રાષ્ટ્રભરમાં સ્વાતંત્ર્ય માટેની લડતો ચાલી તેની અસર ગુજરાત પર અવશ્ય પડી અને ગુજરાતમાં થયેલી સત્યાગ્રહની સ્થાનિક લડતોની અસર રાષ્ટ્રની લડતો પર પણ એટલી જ સચોટ થઇ. આમ રાષ્ટ્રની અને ગુજરાતની સ્વરાજ અર્થેની લડતો પરની અસરો પરસ્પર થવા પામી. એમાં રાજ વિસ્તારમાં આવેલ પાટીદારોએ પણ પોતાનું યોગદાન આપ્યું છે. એ નોંધવું ઘટે.

જેમ ભારતનું રાષ્ટ્ર શરીર રાજકીય અને સાંસ્કૃતિક રીતે એકરૂપ છે તેમ તેને એક આગવા અંગ તરીકે ગુજરાત પણ આગળ પડતું એક એકમ છે. તેની ભૂમિ, પ્રજા, ભાષા અને ગુજરાતનાં આગવા સંસ્કાર અને તેની અસ્મિતા વડે ગુજરાતનું અને ગુજરાતની પ્રજાનું એક આગવું વ્યક્તિત્વ રચાયું છે. તેમાં પાટીદાર પ્રજાનો પણ સમાવેશ થાય છે. ગુજરાતમાં જે લડતો લડાઈ, જે સ્વરાજ્ય માટેની વિવિધ પર્વૃત્તિઓ ચાલી તેમાં

રાજપ્રદેશની પાટીદાર પ્રજાએ પણ પોતાનો અમૂલ્ય ફાળો આપ્યો છે. અહીનાં પાટીદાર પ્રજામાં ગાંધીજીનાં સત્યાગ્રહની લડતનો પ્રભાવ આ પ્રજાના માનસ પર થયેલો દેખાય છે. દેશ આખો ખૂંદી વળીએ તો બીજા એવા હજારો નામો મળે છે તો વળી ઈતિહાસનાં થર નીચે કેટલાક નામો ભૂંસાઈ પણ ગયા હશે. અહી આઝાદીની લડતમાં ભાગ લીધેલ રાજપ્રદેશની પાટીદાર સમાજના સ્વાતંત્ર્ય વીરોના પ્રદાનને નોંધાવાનો પ્રયાસ કર્યો છે.

## રાજપ્રદેશનાં પાટીદાર સમાજના સ્વાતંત્ર્ય સેનાનીઓ:

(૧) શ્રી હિરાલાલ છગનલાલ પટેલ – ધમણાછા (૨) શ્રી ડાહ્યાભાઈ ગરબડભાઈ પટેલ – ધમણાછા (૩) શ્રી અંતોલભાઈ નાથાભાઈ પટેલ – ધમણાછા (૪) શ્રી મોતીભાઈ ત્રિભુવનભાઈ પટેલ- ધમણાછા (૫) શ્રી ડાહ્યાભાઈ ગોકુળભાઈ પટેલ – ધમણાછા (૬) શ્રી મગનભાઈ રઘુનાથદાસ પટેલ – ભદામ (૭) શ્રી માધાભાઈ નાથાભાઈ પટેલ – લાછરસ

મહાત્મા ગાંધીજીની સાથે રહેનાર, સાથે ચાલનાર એમના વિચારોનો ફેલાવો કરી લોકોમાં જાગૃત્તિ લાવવાનું કામ કરનાર આઝાદીનાં જંગમાં પ્રત્યક્ષ અનુભવો કરનાર, બ્રિટીશ શાસકોની જોહુકમી સહેનાર, ગુલામીની ઝંઝીરો, લાઠીઓ અને ફાંસીઓની વેદના હસતા મોઢે સહન કરનાર લડવૈયાઓએ

દેશની રક્ષા માટે પોતાના જાનની પરવા કર્યા વિના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાયા એવા થોડા ઘણા રાજપ્રદેશનાં પાટીદાર સમાજના સ્વાતંત્ર્ય સૈનિકોનાં જીવનને જાણીયે.

**(૧) સ્વાતંત્ર્ય સેનાની શ્રી હિરાલાલ છગનલાલ પટેલ: (રૂબરૂ મુલાકાત,૧૩/૦૬/૨૦૨૧૩)** તેમનો જન્મ ૧૭-૧૨-૧૯૩૨ નાં રોજ થયો હતો. એમના જ શબ્દોમાં કહીયે તો એમનો અભ્યાસ ધોરણ સાત સુધી અને ચોથી અંગ્રેજી. તેમની માતાનું નામ ગંગાબેન અને પિતાનું નામ છગનલાલ પટેલ હતું. પત્નીનું નામ કાંતાબેન, તેમને સંતાનમાં ચાર દિકરીઓ હતી.

ભરૂચ જીલ્લામાં રાજપીપળા સ્ટેટમાં આઝાદીની લડતમાં ભાગ લેવા કોઈ તૈયાર ન હતું. તે સમયે ગામ ધમણાછાએ રાજપીપળા વિસ્તારમાંથી આઝાદીની લડતની શરૂઆત કરી હતી.ગાંધીચોકમાંથી વિજયરાજાની ધાક સતત હતી એટલે ગામ કે શહેરોમાંથી આઝાદીની ચળવળમાં કોઈ ભાગ લેવા તૈયાર ન હતા. તેવા સમયે ભરૂચ જિલ્લામાંથી છોટુભાઈ રણછોડભાઈ પટેલ અને હિરાલાલ છગનલાલ પટેલે આઝાદીની લડતની પત્રિકાઓ ગામડે ગામડે ફરીને ફરતી કરી અને લોકોને જાગૃત કરવાનું કાર્ય કર્યું એ સરાહનીય છે. રાજપીપળામાં પહેલું અધિવેશન હાલ જે જગ્યાએ વિજયસિંહનું પૂતળું મૂકેલું છે તે જગ્યાએ ગોપાલદાસ દરબાર અને ભૂલાભાઈ દેસાઈએ મોટું અધિવેશન ભરીને આઝાદીની લડતનો પ્રચાર શરૂ કરેલો અને સત્યાગ્રહની લડતમાં ભાગ લેવા બદલ રાજા તરફથી સત્યાગ્રહીઓની ધરપકડ કરવામાં આવી હતી અને સૌને જેલમાં પૂરવામાં આવેલા પરંતુ પાછળથી સૌને છોડી મૂકવામાં આવેલા એ સિવાય અંગ્રેજોની એવી હકૂમત હતી કે જે સત્યાગ્રહી 'યુનિયન જેકને સલામી ભરે' તેની માફી લખી લેતા પરંતુ અમોએ ક્યારેય યુનિયન જેકને સલામી ભરી નથી અમને પકડવા માટે વડોદરાના ગાયકવાડે એક લાખ રૂપિયાનું ઇનામ જાહેર કરેલું પરંતુ એમના હાથેઅમે ક્યારેય પકડાયા નથી કે એમના કબજામાં આવ્યા નથી. જેમ જેમ દિવસો પસાર થતાં ગયા તેમ તેમ લડતમાં લોકોનો સહકાર વધતો ગયો.

રાજપીપળામાંથી દશરથ શેઠ, સૂરજરામ વકીલ,ચંદુલાલ વકીલ, પંચોલી, ચંપકલાલ સુખડિયા અને એમના ભાઈ ચંદુલાલ ચોકસી, ચીમનલાલ ડોકટર, હિરાભાઈ ડોકટર, માંગરોળનાં મહારાજ પટેલ, અંતોલભાઈ નાથાભાઈ પટેલ, મોતીભાઈ ત્રિભુવનભાઈ, ડાહ્યાભાઈ ગોકુલભાઈ, છોટુભાઈ રણછોડભાઈ, ડાયાભાઈ ગરબડભાઈ આ બધા સત્યાગ્રહીઓ સાથે હિરાલાલ પટેલે આઝાદીની લડતમાં ભાગ લીધો હતો. રાજપીપળા રાજ્યમાં ચળવળનું સુકાન અમોએ સંભાળેલું અને ચળવળની કાર્યવાહી ભરૂચથી થતી હતી.

હિરાલાલ છગનલાલનાં કહેવા મુજબ અમારી સાથે બારડોલીનાં ઘણાં સત્યાગ્રહીઓ પણ હતા. અમોએ ગામડે ગામડે ફરીને લોકોને જાગૃત કરવાનું ભગીરથ કાર્ય કર્યું હતું અને તે સાથે સાથે સત્યાગ્રહી સભ્ય નોંધવાની કામગીરી પણ બજાવેલી. રાજપીપળા વિસ્તારમાં ખાસ કરીને આદિવાસી વસ્તીનું પ્રમાણ વધુ હોવાને કારણે તેમનો સહકાર મેળવવા માટે અને લડતને વેગવંતી બનાવવા માટે અમોએ પ્રયાસ કરેલો તેમજ 'કરેંગે યા મરેંગે' 'તુમ મુઝે ખૂન દો, મેં તુમ્હે આઝાદી દુંગા' નો મંત્ર અપનાવીને અમે લડતમાં કામગીરી બજાવેલી.અને અમે લડત ચાલતી હતી તેવા સમયે અમે કયારેય પોલીસના હાથમાં આવ્યાં નથી એ અમારી કુનેહ હતી. કરોડો રૂપિયાની મિલકત અમે ગુમાવી છે.

આવા સ્વાતંત્ર્ય સેનાનીનું સન્માન નર્મદા જિલ્લાનાં કલેકટર શ્રી.આર.એમ.પટેલ સાહેબ અને માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વરદહસ્તે ૧૫મી ઓગષ્ટનાં રોજ કરવામાં આવ્યું હતું. આ વિગતવાર મુલાકાત એટલે આ અભ્યાસી માટે ખાસ અનમોલ ખજાનો છે.તેમાં એક વ્યક્તિ

પોતાની હેસિયત થી કેટલી વિવિધરીતે દેશની સેવા કરી શકે છે તેનો ખ્યાલ તો આપ્યો જ પણ એક સંપૂર્ણ સદીમાં તેઓએ જે અનુભવ્યું અને કાર્ય કર્યું છે, તેનો જીવતો જાગતો ઈતિહાસ મને જાણવા મળ્યો. કોઈપણ પ્રવૃત્તિ સંગ્રહાલય કે શિલાલેખો કરતાં આવી વ્યક્તિના કાર્યનો ચિતાર તેમના મુખે સાંભળવા મળે એ અભ્યાસી માટે ખાસ પારિતોષિક જ છે. માત્ર સીમિત કક્ષામાં ન રહેતા તેમનાં કાર્યો અને વિચારસરણીએ વિવિધ ક્ષિતિજોને આંબી છે. રાજપ્રદેશના પાટીદાર સમાજ માટે ગૌરવ લેવા જેવી બાબત છે કે તેમણે આઝાદીની લડતમાં પોતાનો અમૂલ્ય ફાળો આપ્યો છે. એને ભૂલી શકાય તેમ નથી.

**(૨) મગનભાઈ રઘુનાથદાસ પટેલ:** એમનો જન્મ ૧૯૧૫માં ભરૂચ જિલ્લાનાં ભદામ ગામે(હાલમાં નર્મદા જિલ્લાનાં ભદામ ગામે) થયો હતો. જેમણે ૧૯૩૦મ ધોલેરા સત્યાગ્રહમાં આગળ પડતો ભાગ ભજવ્યો હતો. તેમણે રાજપીપળા રાજ્ય પ્રજા મંડળ તરફથી રાજપીપળામાં જવાબદાર રાજ્યતંત્ર સ્થાપવા માટેની લડત ઉપાડેલી તે ઉપરાંત ૧૯૪૨માં 'હિંદ છોડો' આંદોલન વખતે પણ એક યુવક ટુકડી ઊભી કરીને બોમ્બ પ્રવૃત્તિ કરેલી સ્વરાજ્ય મળ્યાં બાદ રાજપીપળા રાજ્યના વિલીનીકરણ પછી તેઓ નાંદોદ તાલુકા ક્રોગ્રેસ સમિતિનાં મંત્રી તરીકે તાલુકાની ખૂબ નોંધપાત્ર સેવા બજાવેલી.

**(૩) માધાભાઈ નાથાભાઈ પટેલ:** તે વખતનાં દેશી રજવાડા રાજપીપળા રાજ્યના લાછરસ ગામે તેમનો જન્મ થયો હતો.(હાલમાં નર્મદા જિલ્લામાં આવેલ લાછરસ ગામ) તેમણે ભારતની રાષ્ટ્રીય લડતોમાં સક્રિય રીતે ભાગ લીધો હતો. તે ઉપરાંત કપડવંજ તથા રાજપીપળા વિભાગમાં ખેડૂત કપાસ ઉત્પાદન મંડળ, ખરીદ વેચાણ સંઘ, સરકારી સોસાયટી, હાઉસિંગ સોસાયટી, અનાજ રાહત સંઘ, વિજળીકરણ, શિક્ષણ સંસ્થાઓ, તબીબી કેન્દ્રો, વ્યાયામ શાળાઓ તથા અન્ય સેવા પ્રવૃત્તિઓ વિકસાવવામાં તેમને મહત્ત્વનો ફાળો આપ્યો હતો.

આપણી આઝાદી આપણને સસ્તામાં નથી મળી. આ ગાંધી વારસો અને આપણા પૂર્વજોના બલિદાનો થકી આપણને આજે ગણ્યા, ગાથ્યા સ્વાતંત્રવીરોની મુલાકાતો અને તેમના સ્મરણોથી આ યુવા પેઢીને માહિતગાર કરવા જોઈએ આ સ્વતંત્રતાનાં આંદોલનોમાં સમાજવીરોએ ગાંધીજીની પ્રેરણાથી અને પોતાના હ્દયથી જે જે કામો કર્યા તે દેશ માટે બેનમૂન છે.તેમને પ્રાદેશિકતા કે સંકુચિતતા કે કોઈ બંધનો નથી.તેઓ તો ભારતમાતાના સપૂત કહેવાય. રાજપ્રદેશનાં પાટીદાર સમાજના આ વિરલાઓને ગૌરવશાળી પ્રણામ.

**સંદર્ભ: (૧) ભરૂચ જિલ્લાનું ગેઝેટિયર, પૃ.૮૬**

**(૨) એજન પૃ: ૮૬**

**(૩) શ્રી હીરાલાલ છગનલાલ પટેલ, રૂબરૂ મુલાકાત, (ધમણાછા),૧૩/૦૬/૨૦૧૩**

**(૪) શ્રીમતિ કાંતાબેન હીરાલાલ પટેલ, રૂબરૂ મુલાકાત, (ધમણાછા),૧૩/૦૬/૨૦૧૩**

# સમાજશાસ્ત્ર વિભાગનો અહેવાલ શૈક્ષણિક વર્ષ:૨૦૨૩-૨૦૨૪

ડૉ. જ્યોતિ. એમ. કુરાડા (વિભાગાધ્યક્ષ)

પ્રા. અવિનાશ એ.વસાવા

વ્યક્તિ સમાજનું અતુટ અંગ છે **વ્યક્તિ વગર સમાજની કલ્પના પણ ન કરી શકાય અને સમાજ વગર વ્યક્તિની તેથી જ દર્શનશાસ્ત્રી એરીસ્ટૉટલે કહ્યું છે કે, મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. સમાજ વગર વ્યક્તિ અને વ્યક્તિ વગર સમાજ અપૂર્ણ છે. માનવ અને સમાજ વચ્ચે સતત આંતરક્રિયા ચાલતી રહે છે. એજ માનવ સમાજનાં સામાજિક પાસાઓનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરતુ વિજ્ઞાન એટલે સમાજશાસ્ત્ર. સમાજશાસ્ત્ર એક એવો વિષય છે જે વિદ્યાર્થીઓમાં સમાજને સમજવા ઉપરાંત સામાજિક મૂલ્યો, સેવા, પ્રમાણિકતા, નિષ્ઠા, વફાદારી, સહિષ્ણુતા, બંધુત્વની ભાવના વગેરે ગુણો આંતરિકરણ કરે છે અને આ રીતે સમાજશાસ્ત્રનો અભ્યાસ વિદ્યાર્થીઓને સાચા નાગરિક બનવા તરફ દોરી જાય છે. અને આવા જ ઉદેશ્યને પરિપૂર્ણ કરવા સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા વિવિધ કાર્યક્રમો હાથ ધરતા રહ્યા છે.**

**સરકારી વિનયન વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ ખેરગામ ખાતે ૦૯/૦૮/૨૦૨૩ ને સોમવારના રોજ કોલેજના આચાર્યશ્રી ડૉ. એસ. એમ.પટેલના માર્ગદર્શન હેઠળ સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા વિધાર્થીઓ આદિવાસી સ્વતંત્ર સેનાનનીઓથી અવગત થાય તે હેતુથી વિશ્વ આદિવાસી દિન નિમિત્તે આદિવાસીઓ અને આદિવાસી સંસ્કૃતિ વિષય ઉપર એક ઓનલાઈન ક્વીઝ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું.**

**પ્રસ્તુત સ્પર્ધામાં કોલેજના વિનયન પ્રવાહના સમાજશાસ્ત્ર વિષયના ત્રણે વર્ષના વિધાર્થીઓ મળી કુલ ૯૦ જેટલાં વિધાર્થીએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ડૉ. જ્યોતિ . એમ. કુરાડા અને પ્રા. અવિનાશભાઈ એ. વસાવા મહત્વની ભૂમિકા ભજવી હતી સ્પર્શમાં પ્રથમ**

**સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા આયોજિત પ્રિ. ડૉ. સંજયભાઇ એમ.પટેલના માર્ગદર્શન હેઠળ આદિવાસી સમાજના સાંપ્રત પ્રશ્નો વિષય આધારિત ખાતે તા. 29/01/2024 સોમવારના રોજ કૉલેજના ભૂતપર્વ વિદ્યાર્થી કે જેઓ હાલ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ ઓડ, આણંદની કૉલેજમાં સમજશાસ્ત્ર વિષયના અધ્યાપક સહાયક તરીકે કાર્યરત છે એવા ડૉ. સંજયભાઇ વી. પટેલ દ્વારા વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યું હતું. પોતાના વ્યાખ્યાનમાં ડૉ. સંજયભાઇ પટેલે આંતરિક વિખવાદ, આધુનિક જીવનશૈલીના કારણે સર્જાતી દેવાની સમસ્યા, રાજકીય સમસ્યા વગેરે આદિવાસીઓના સાંપ્રત પ્રશ્નો પર ચર્ચા કરી વિદ્યાર્થીઓને સજાગ કર્યા હતા અને કૉલેજના વિદ્યાર્થીઓને ઉચ્ચ ધ્યેય પ્રાપ્ત કરવા પ્રોત્સાહિત કર્યા હતા. વ્યાખ્યાનમાં સમજશાસ્ત્રના 86 વિદ્યાર્થીઓએ રસપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમનું આયોજન સમાજશાસ્ત્રન અધ્યક્ષ ડૉ. જે. એમ. કુરાડા અને પ્રા. અવિનાશ એ. વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. અવિનાશ એ. વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું અંતે આભાર વિધિ ડૉ. જે. એમ. કુરાડાએ કરી હતી. કાર્યક્રમમાં કૉલેજના અદ્યાપકોએ સહકાર આપી કાર્યક્રમની શોભા વધારી હતી.**





NOTHING
29.01.24

NOTHING
29.01.24


**તા. ૧૬/૦૨/૨૦૨૪ ના રોજસ્વામી વિવેકાનંદ ગૃપો ઓફ કોલેજીસ રોણવેલ, તા. વલસાડ MSW ( માસ્ટર ઓફ સોશ્યલ વેલફેર) દ્વારા સમાજશાસ્ત્ર વિભાગમાં "સમાજશાસ્ત્રમાં રોજગારીની તકો" વિષય ઉપર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સમાજશાસ્ત્ર વિષયમાં બેચલર ઓફ આર્ટસ કર્યા બાદ MSW નો કોર્સ કરવાથી મળતી વિવિધ રોજગારી અંગેની ચર્ચા કરવામાં આવી હતી . વિવિધ NGO ઓમાં, સંશોધન કેન્દ્રોમાં, દહેજ પ્રતિબંધક અધિકારી, સમાજકલ્યાણ અધિકારી, અભયમ જેવી સંસ્થાઓમાં MSW કોર્સ કરવાથી રોજગારીની તક પ્રાપ્ત કરી શકાય છે . જેની માહિતી MSW કોલેજના અધ્યાપકોએ આપી હતી.**







# ૧૦.૨.૬. અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા થયેલ પ્રવૃત્તિ. શૈ.વર્ષ : ૨૦૨૩-૨૪

**અર્થશાસ્ત્ર વિભાગ**

ડૉ.સંજયકુમાર એમ. પટેલ
અધ્યક્ષ, અર્થશાસ્ત્ર વિભાગ

ભારત વિશ્વની ઉભરાતી અર્થવ્યવસ્થા પૈકી એક છે. લોકશાહીના મૂલ્યો આધારિત મિશ્ર વ્યવસ્થા ધરાવતો વસ્તીની દ્રષ્ટી એ પ્રથમ સ્થાન ધરાવતો અને મોટું યુવાધન ધરાવનાર વિકાસશીલ દેશ છે. ગતિશીલ અર્થવ્યવસ્થાના સતત બદલાતા આર્થિક પ્રવાહોથી આજનો વિધાર્થી વાકેફ થાય તથા આર્થિક વ્યવસ્થાની કાર્ય પ્રણાલીને સરળતાથી સમજી શકે ઉપરાંત પોતાના વ્યક્તિગત જીવનના મહત્વના આર્થિક નિણયીકરણની પ્રક્રિયામાં યોગ્ય નિર્ણય લઈ શકે તે હેતુથી વિધાર્થીઓને અર્થશાસ્ત્ર વિભાગ તરફથી શિક્ષણ પ્રક્રિયા માટે પ્રેરિત અને માર્ગદર્શિત કરવામાં આવે છે.

અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા વિનયન અને વાણિજ્ય શાખામાં અધ્યયન કાર્ય કરવામાં આવે છે. વિનયન શાખામાં મુખ્ય તથા ગૌણ વિષય તરીકે તથા વાણિજ્ય શાખામાં ફરજીયાત વિષય તરીકે અર્થશાસ્ત્રનું શિક્ષણકાર્ય થાય છે. અત્રેની વિધાશાખામાં બે કાયમી તથા એક મુલાકાતી વ્યાખ્યાતાઓ દ્વારા શિક્ષણકાર્ય થાય છે. વિધાર્થીઓમાં વિષય વસ્તુની સ્પષ્ટ સમજ પ્રાપ્ત થાય તેમજ તાજેતરનાં આર્થિક પ્રવાહોથી વિધાર્થી વાકેફ થાય તે હેતુથી વિભાગ દ્વારા સમયાંતરે વિવિધ પ્રવુતિઓ થાય છે. જે નીચે મુજબ છે :

- જિલ્લા સહકારી સંઘ, અર્થશાસ્ત્ર વિભાગ અને એન.એસ.એસ. વિભાગનાં સયુંકત ઉપક્રમે તા. ૧૭/૦૭/૨૦૨૩ થી ૨૨/૦૭/૨૦૨૩સુધી યોજાયેલ યુવક યુવતી સહકારી તાલિમ વર્ગ નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ગીતાબેન પટેલ અને રાજેશભાઇ બાગુલ હાજર રહ્યા હતા. જેમાં ૧૨૭ ( ૪૬ ભાઇઓ અને ૮૧ બહેનો ) વિધાર્થીઓએ ભાગ લીધો હતો.





- તા. ૨૧/૦૮/૨૦૨૩ના સોમવારના રોજ વિશ્વ ઉધોગ સાહસિકતા લાઇવ પ્રોગ્રામ એન.એસ.એસ., એસ.એસ.આઇ.પી. અને અર્થશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓઅને અધ્યાપકોએ નિહાળ્યો. જેમાં ૪૯ વિદ્યાર્થીઓએ (૧૩ ભાઇઓ અને ૩૬ બહેનો) અને ૦૪ અધ્યાપકો (૦૪ભાઇઓ) ઉપસ્થિત રહ્યા હતા.






- તા. ૩૧/૦૧૨૦૨૪ ના રોજ અર્થશાસ્ત્ર વિભાગ અને કોમર્સ વિભાગ દ્વારા "Financial Literacy Towards Young Citizens Associated With BSE/NSE /SEBI" વિષય સંદર્ભે બે દિવસીય સેમીનારનું આયોજન થયું હતું. જેમાં ૭૧ (૨૪ ભાઇઓ અને ૪૭ બહેનો) વિદ્યાર્થીઓ અને ૦૧ (૦૧ભાઇઓ) અધ્યાપકો ઉત્સાહભેર સહભાગી બન્યા હતા.





- તા. ૦૧/૦૨/૨૦૨૪ ના રોજ અંતરિમ યુનિયન બજેટ રજૂ થતાં અર્થશાસ્ત્ર વિષયના વિદ્યાર્થીઓ બજેટ વિષયક માહિતી પ્રાપ્ત કરી શકે તે હેતુથી કુલ ૧૫ (૦૫ ભાઇઓ અને ૧૦ બહેનો) સંસદ ચેનલના માધ્યમથી સીધા પ્રસારણ દ્વારા બજેટ કાર્ય પ્રણાલીથી વાકેફ થયા.



